બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# ઈસુ અને લાજરસ



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Janie Forest

અનુકૂલન : Ruth Klassen

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

Alastair Paterson

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2020 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

મરીયમ અને માર્થા ચિંતાતૂર હતા. કારણ કે તેમનો ભાઈ લાજરસ ખૂબ જ બિમાર પડી ગયો હતો. બંને બહેનોને ખબર પડી ગઈ હતી કે લાજરસ મરી જઈ શકે તેમ છે. તેથી તેમણે ઈસુને બોલાવવા માટે મોકલ્યા. આ બેથાનીના કુટુંબ પર ઈસુ ખૂબ જ પ્રેમ રાખતો હતા.



જ્યારે ઈસુએ લાજરસ વિશે સાંભળ્યું ત્યારે તેણે તેના શિષ્યોને કહ્યું કે, “આ બિમારી મોતમાં પરિણમવાની નથી.” જો કે ઈસુ ઘણા માઈલ દૂર હોવા છતાં તેને ચોક્કસ ખબર હતી કે લાજરસ વિશે શું બિના બનવાની છે.




બેથાની જતાં પહેલા ઈસુએ બે દિવસ રાહ જોઈ. ત્યારબાદ તેણે એક એવી વાત કરી કે, જેથી શિષ્યોને ગૂંચવણ ઊભી થઈ. “લાજરસ મરી ગયો છે, હું ખુશ છું કે હું ત્યાં નહોતો.
કે જેથી તમે વિશ્વાસ કરી શકો.” આ વિચીત્ર શબ્દોનો શું અર્થ થતો હશે? ઈસુ શું કરવા જઈ રહ્યાં હતા?

જ્યારે ઈસુ
બેથાનીમાં આવ્યા ત્યારે
લાજરસને મરી ગયા અને ચાર
દિવસ થઈ ચૂક્યા હતા. તેના શરીર
પર કપડાં વીંટાળીને તેને ગુફા
જેવી કબરમાં મૂકવામાં
આવ્યો હતો.



માર્થા ઈસુને મળવા ગઈ. “તારો ભાઈ પાછો ઉઠશે.” ઈસુએ કહ્યું, “મને ખબર છે પુનરુત્થાનના દિવસે તે ફરી ઉઠશે.” માર્થાએ જવાબ આપ્યો. તેણે વિચાર્યું કે તે સમયના અંત સુધી તેણે લાજરસને જોવા માટે રાહ જોવાની હતી. પણ ઈસુએ જે કહ્યું હેનો અર્થ કાંઈક અલગ જ હતો.



“હું પુનરુત્થાન તથા જીવન છું.” ઈસુએ માર્થાને કહ્યું. “જો કોઈ મારા પર વિશ્વાસ કરે છે તો તે મરી જાય તોપણ તે જીવતો થશે.”



લાજરસ મરી ગયાને લીધે ઘણા બધાં નિરાશ થઈ ગયાહતાં. તેની બહેન મરીયમ રડતી હતી. તેથી તેના મિત્રો તેને દિલાસો દેવા માટે પ્રયત્ન કરતા હતા. ઈસુ પણ ત્યાં રડી પડ્યાં.



ઈસુ લોકોની સાથે કબરે ગયા.
કબર ઉપર એક મોટ પથ્થર
મૂકેલો હતો.



“પથ્થરને હટાવી લો.” ઈસુએ હુકમ કર્યો.
“પ્રભુ” માર્થાએ જવાબ દીધો. “હવે
તેને મરી ગયે ચાર દિવસ થઈ
ગયા છે. હવે તે ગંધાતો હશે.”




ઈસુના હુકમે
કારણે લોકોએ તે
પથ્થરને હટાવી લીધો.
ત્યારબાદ ઈસુએ સ્વર્ગીય
પિતાને પ્રાર્થના કરી. ઈસુ એક
મોટો ચમત્કાર કવા જઈ રહ્યાં
હતાં. જેથી લોકો જાણી શકે કે
ઈસુને ઈશ્વરે મોકલ્યા છે.



“લાજરસ” ઈસુએ બૂમ પાડી. “બહાર આવ!” લોકો આશ્ચર્ય પામીને ગુફાની અંદર જોઈ રહ્યાં હશે. શું ઈસુ મૃત્યુ પામેલા વ્યક્તિને જીવતો કરી શકે તેમ છે?


હા,
ચોક્કસ,
લાજરસ
એવો ને
એવો જેવો
કપડાથી
વીંટાળેલો હતો.
તેવો કબરમાંથી
બહાર જીવતો
થઈને આવ્યો.


“તેના બંધન છોડી નાંખો.”
ઈસુએ કહ્યું, “તેને જવા દો.”


ત્યાં કેટલો બધો આનંદ થઈ રહ્યો હતો,
આંસુઓ હર્ષમાં ફેરવાઈ ગયા. ઈસુએ
જે વચન આપેલું તે પૂર્ણ કર્યું. લાજરસ
સજીવન થયો હતો. ફક્ત ઈશ્વરનો પુત્ર
જ મરેલાને જીવન આપી શકે છે.

જે ઘણા લોકોએ આ ચમત્કાર જોયો તેમણે ઈસુ પર વિશ્વાસ કર્યો. પણ ઘણા એવા હતાં કે જેમણે તેમના દુશ્મનોને - મંદિરના આગેવાનોને બાતમી પહોંચાડી દીધી. અદેખાઈ પૂર્વક તેઓને મારી નાંખવા પ્રયત્ન કરવા લાગ્યા.

જ્યારે ઈસુએ તે જાણ્યું ત્યારે તે થોડા સમય માટે દૂર જગ્યા પર આવ્યો હતો.



# ઈસુ અને લાજરસ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

યોહાન ૧૧

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬